# સંયોજક (Conjunction)

હવે આપણે દરેક સંયોજકને વિગતવાર સમજીએ.

## 1. સમુચ્ચયવાચક સંયોજક

'અને', 'તથા', 'તેમજ' જેવા સંયોજકોથી પહેલા વાક્યની હકીકતમાં બીજા વાક્યની હકીકત ઉમેરાય છે. એટલે બે વાક્યની હકીકતનો સમુચ્ચય થાય છે. તેથી આ સંયોજકો સમુચ્ચયવાચક કહેવાય છે.

- → હર્ષ, મિહિર અને દર્શન રમવા ગયા.
- → માર ઘરે આવજો તથા કરવા જજો.



**સંયોજક દર્શક શબ્દો :** 'ને', 'અને', 'તથા', 'તેમજ', 'વળી', ઉપરાંત'

## 2. વિરોધવાચક સંયોજક




બીજા વાક્યમાં પહેલા કરતાં ઊલટા પ્રકારની હકીકત જે સંયોજકોથી જોડાય તેને વિરોધવાચક સંયોજક કહેવામાં આવે છે.

- → પપ્પાની ના હતી છતાં તે રમવા ગયો.
- → તમે ભણ્યા પણ ગણ્યા નહીં.
- → મેં કહ્યું તો પણ તે આવ્યો નહીં.
- → સાહેબ ત્યાં હાજર હતા છતાં બોલ્યા નહીં.



**સંયોજક દર્શક શબ્દો :** 'પણ', 'છતાં', 'તો પણ', 'તેમ છતાં', 'છતાં પણ'

## 3. Ⓐ or Ⓑ વિકલ્પવાચક સંયોજક

જે સંયોજક બે પદ વચ્ચેનો વિકલ્પ સૂચવે તેને વિકલ્પવાચક સંયોજક કહેવામાં આવે છે.

- → કાં તો તમે ઘરે આવો અથવા અમે ત્યાં આવીએ.
- → હું કાલે ક્રિકેટ રમુંઓ રમીશ.
- → તમે સાઈકલમાં આવો છો કે ગાડીમાં?
- → મામા અગર મામી આવશે.




**સંયોજક દર્શક શબ્દો :** 'કાં તો', 'અથવા', 'કે', 'અગર', 'વા'

YouTube chenal : Bhupeshsir | Instagram : @Bhupeshsir0707 | Website : www.bhupeshsir.in

## 4. પર્યાયવાચક સંયોજક





જે સંયોજક પદનો જે અર્થ છે તેના જેવો જ અર્થ આપતાં બીજા પદોને તેની સાથે જોડે છે, તેવા સંયોજકોને પર્યાયવાચક સંયોજક કહે છે.

- ➡ એની પાસે પછી વાર્તાઓ ખૂટવા લાગી **એટલે કે** એ વાર્તા કહી કહીને થાક્યો.
- ➡ તે અહીં છે **એટલે કે** તમારા ઘરમાં જ છે.



**સંયોજક દર્શક શબ્દો :** 'એટલે કે'

## 5. પરિણામવાચક સંયોજક



જે સંયોજક વડે પહેલા વાક્યનું પરિણામ કે કાર્ય બીજા વાક્યમાં સૂચવાય તેને પરિણામવાચક સંયોજક કહેવામાં આવે છે.

- ➡ રાજા એટલા બધા ઉદાર હતા **કે** તેમણે કેદીઓને પણ મુક્ત કરી દીધા.
- ➡ પોલીસ ઉદારતા બતાવી **એટલે** ચોર પોતાની ભૂલ સમજી ગયો.



**સંયોજક દર્શક શબ્દો :** 'એટલે', 'કે'

## 6. કારણવાચક સંયોજક



પહેલા વાક્યની હકીકતનું કારણ બીજા વાક્યની હકીકતમાં રજૂ થયું હોય તો તે કારણવાચક સંયોજક તરીકે ઓળખાય છે.

- ➡ તમે આવજો **કેમ કે** મને ઘરમાં બીક લાગે છે.



- ➡ તેઓ ઘરેથી મોડા નીકળ્યા **કારણ કે** તેમની ટ્રેન ત્રણ કલાક મોડી હતી.



**સંયોજક દર્શક શબ્દો :** 'કેમ કે', 'કારણ કે'

436
8
19





# સંયોજક (Conjunction)

## મહત્વપૂર્ણ MCQ

**1.** "ધ્યાનથી ભણો **અથવા** ભણવાનું છોડી દો" - આ વાક્યમાં સંયોજક દર્શાવતું પદ કયું છે?

(અ) ભણવાનું　　(બ) છોડી દો
(ક) ધ્યાનથી　　(ડ) અથવા

**જવાબ:** (ડ) અથવા

**2.** "વર્ગમાંથી એક શિક્ષક ગયા **અને** બીજા આવ્યા." - આ વાક્યમાં સંયોજકનો પ્રકાર જણાવો.

(અ) અવતરણ વાચક　　(બ) વિકલ્પવાચક
(ક) સમુચ્ચયવાચક　　(ડ) શરતવાચક

**જવાબ:** (ક) સમુચ્ચયવાચક

**3.** "સૌને એવો ઉપદેશ આપે **કે** સંસાર મિથ્યા છે." - આ વાક્યમાંથી સંયોજક શોધો.

(અ) આપે　　(બ) પણ
(ક) અને　　(ડ) કે

**જવાબ:** (ડ) કે

**4.** "સર્વત્ર વ્યાપેલી હવાને આપણે અનુભવી શકીએ છીએ **પણ** જોઈ શકતા નથી." - વાક્યમાંથી સંયોજક શોધો.

(અ) છીએ　　(બ) પણ
(ક) સર્વત્ર　　(ડ) આપણે

**જવાબ:** (બ) પણ

**5.** "ડૉક્ટરની ના **છતાં** તેણે પાંચ ગુલાબજાંબુ ખાધાં." - આ વાક્યમાં સંયોજક કયું છે?

(અ) પાંચ　　(બ) ગુલાબજાંબુ
(ક) ના　　(ડ) છતાં

**જવાબ:** (ડ) છતાં

જો તમને આ માહિતી ગમી હોય તો Like કરો,
તમારા મિત્રો સાથે Share કરો અને તમારા વિચારો
Comment માં ચોક્કસ જણાવો!

436
8

## 7. દૃષ્ટાંતવાચક સંયોજક



જે સંયોજકો આગલા વાક્યમાં કરેલો વિધાનનાં દૃષ્ટાંતો દર્શાવે છે, તેને દૃષ્ટાંતવાચક સંયોજકો કહે છે.

➡ સત્યનો હંમેશા જય થાય છે. દૃષ્ટાંત પાંડવો !

➡ અભિમાન વિનાશને નોંતરે છે. જેમકે - દુર્યોધન.



**સંયોજક દર્શક શબ્દો :** 'જેમ કે', 'દા.ત.'

## 8. શરતવાચક સંયોજક

પ્રથમ વાક્યને બીજા વાક્યની શરતરૂપે રજૂ કરે તેવા સંયોજકને શરતવાચક સંયોજક કહે છે.

➡ જો સમયસર પહોંચશો તો બસ મળશે.

➡ જો તમે આવશે તો મહેશ આવશે.




**સંયોજક દર્શક શબ્દો :** 'જો...તો', 'જે...તે', 'જેનું...તેનું', 'જેવું...તેવું'

## 9. અનુમાનવાચક સંયોજક

અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એ બંનેને જોડનાર સંયોજકને અનુમાનવાચક સંયોજક કહેવાય છે.

ઉદાહરણ:

➡ તેને જમવાનું હતું તેથી નહીં આવ્યો હોય.



➡ દાદાએ તેને ધપકો આપ્યો એટલે રડ્યો હશે.



➡ તેને બહાર જવાનું હતું માટે જતો રહ્યો હશે.



➡ મહેમાન ન આવ્યાં એથી તેઓ દુઃખી થયા.



**સંયોજક દર્શક શબ્દો :** 'તેથી', 'એટલે', 'માટે', 'એથી'

436
8
19